CRIMINAL CASE NO:- /

## //આંક–૧ લગત હુકમ//

(૧) હાલનો કેસ ફરીયાદી તરફે સરકાર પક્ષ દ્ધારા દાખલ કરવામાં આવેલો છે અને આરોપી લાંબા સમયથી મળી આવતા ન હોવાને કારણે ડોરમેન્ટ પર મુકવામાં આવેલો. હાલનો કેસ પરત ખેંચવાની વિડ્રો પુરસીસ સરકાર તરફે એ.પી.પી.શ્રી દ્ધારા રજૂ કરેલ છે. એ.પી.પી.શ્રી દ્ધારા સદરહું પુરસીસ અને હુકમના આધારે સરકાર તરફે સદરહું કેસ પરત ખેંચીએ છીએ તેવુ જાહેર કરેલ છે. આ કામે એ.પી.પી.શ્રીની પુરસીસ વંચાણે લેતા અને તેની સાથે રજૂ થયેલ પરત ખેંચવાનો હુકમ ધ્યાને લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્ધારા પરત ખેંચવાનો એ.પી.પી.શ્રીને હુકમ કરેલ હોય અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ વંચાણે લેતા એ.પી.પી.શ્રીને સરકાર તરફે કેસ પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## *// હુ ક મ //*

(૧) હાલનો કેસ એ.પી.પી.શ્રીની પુરસીસના આધારે કેસ પરત ખેંચવાની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ અન્વયે પરવાનગી આપી સરકાર દ્ધારા વિડ્રો થતો હોય વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક–૨ ની મુદ્ધામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્ધામાલ પૈકી જો કિંમતી મુદ્ધામાલ હોય અને તેને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરેલ હોય તો બિનશરતી કાયમી કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો હક્કદાર વ્યક્તિને સી.આર.પી.સી. ની કલમ–૪૫૨ અન્વયે અલગથી ઈન્કવાયરી કરીને સોંપી આપવો અને જો બિન–કિંમતી મુદ્ધામાલ હોય તો અપીલ સમય વિત્યે નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૨ , માહે જુન સને–૨૦૨૪ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૨૨ / ૦૬ / ૨૦૨૪
સ્થળ:– અમદાવાદ

**( એસ.પી.ચોપરા )**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ (ગ્રામ્ય)